# તમારો દોસ્ત કોણ છે?

આજ સમય મળ્યો છે દોસ્ત તમને તમારા વિશે વિચારવાનો! ઑફિસ નથી જવાનું, ઘરની બહાર નથી નીકળવાનું, ટીવી જોઈને કંટાળ્યા, સોશ્યલ મીડિયા પર પણ બધું એકનું એક ત્યારે એક કામ કરો...



એક પેપર લો, પેન લો અને ઘરના કોઈ એકાંત ખૂણે કે જ્યાં તમને કોઈ થોડોક વખત ખલેલ ના પહોંચાડે ત્યાં બેસી જાઓ. હવે વિચાર કરો જ્યારે તમે કોલેજમાં પ્રવેશ કરેલો એ પહેલાં તમારા મિત્રો કોણ હતા? જેટલા યાદ આવે એટલા નામ પેપર ઉપર લખી લો. આ મોટા ભાગના તમારા સ્કુલ સમયના મિત્રો હશે. કોલેજના અંત સમયે કોણ તમારા ગાઢ મિત્ર હતા? એમના નામ પણ લખી લો. તમારી પહેલી નોકરી કઈ હતી? ત્યારે કોણે તમારી મદદ કરેલી? નામ લખી લો. આમ કરતાં કરતાં આજના દિવસ સુધી પાછા



## લવ યુ જિંદગી

નિયતી કાપડીયા

આવતા જે જે મિત્રો, તમારી મદદ કરનાર વ્યક્તિઓ યાદ આવતી જાય એમના નામ પેપર પર ઉતારી લો.

હવે એક નજર એ તમારા લિસ્ટ ઉપર નાંખો અને હાલમાં એમાના જે જે મિત્રો સાથે સંપર્કમાં છો એમના નામ ઉપર ચોકડી મારી દો. જે બચ્યા એ મિત્રોને ફેસબુક ઉપર સર્ચ કરો અને જે મળી જાય એને ફ્રેન્ડ રીકવેસ્ટ મોકલી આપો.

જે મિત્રો ફેસબુક ઉપર નથી મળી રહ્યા એમને વિશે બીજા મિત્રોને ફોન કરીને પૂછો, એમનો નંબર મેળવી લો અને ફોન કરી વાત કરો.

આજ સમય છે જૂની યાદો વાગોળવાની મજા લઈ લો અને જેટલી ઉમેરી શકાય એટલી નવી યાદ આજના જીવનમાં ઉમેરી લો. તમારા એ મિત્ર પણ દુનિયાના કોઈ ખૂણે હાલ તમારા જેવી જ પરિસ્થિતિમાં હશે. તમારો એક ફોન કૉલ તમારી વચ્ચેનું વરસોનું અંતર ઘટાડી દેવા નિમિત્ત બનશે.

આમ કરવાથી ફાયદો શું થશે? મજા આવશે યાર, બીજું શું! જીવનમાં જે કંઈ પણ આપણે કરીએ છીએ એનું અંતિમ લક્ષ્ય આખરે મજા કરવાનું જ હોય છે કે નહિ, હેં?

જેની આગળ દિલની દરેક વાત જીભ ઉપર આવી જાય એવો એક મિત્ર તમને ભગવાને આપેલી આ દુનિયાની સર્વોત્તમ ભેંટ છે!

ટુંકમાં વખત મળ્યો જ છે તો એનો સદુપયોગ કરી લો, જૂની દોસ્તી ફરી તાજા કરી લો...

# આજ તો સમય છે, માનવતા બતાવવાનો...બાકી જિંદગી આખી પૈસા તો કમાવવાના જ છે ને...

ગાંધીનગર, તા. ૨૪

હાલના લોક ડાઉન ના કપરાં સમયમાં શક્ય હોય તેમ સૌ કોઈ જરૂરિયતમંદોને મદદ કરી રહ્યું છે. તેવામાં 'કે બી સી ઓટો હબ'ના કમલેશભાઈ અમીન અનોખી સેવા કરી રહ્યા છે. મૂળ ઝુંડાલ ના વતની અને સ્વાગત રૈન ફોરેસ્ટ -૩ માં પોતાની ટુ વ્હીલ રેપેરિગ નું કામ કરે છે. વીસ વર્ષથી આ ક્ષેત્રમાં કમલેશભાઈ ને કોરોના મહામારી ના કપરાં સમયે મદદ કરવાની ઈચ્છા થઈ આવી. કેવી રીતે કરવી એ વિચારવાનું હતું. અને એક દિવસ એક નર્સનો ફોન આવ્યો 'ભાઈ મારું વાહનમાં કોઈ ખરાબી થઈ છે રેપેરીગ કરી આપશો?' કમલેશભાઈ એ લોક ડાઉન ના કારણે ના પાડી. બસ એ જ સમયે નક્કી થઈ ગયું કે કેવી રીતે મદદ રૂપ થવાનું છે. એપ્રિલ ૨૧ ના રાજ ધંધા વ્યવસાયમાં થોડી રાહત મળી અને કમલેશભાઈ એ પોતાની ઓટો રીપેરીંગની દુકાન ચાલુ કરી, પરિવારમાંથી રોકવામાં આવ્યા પણ તેમણે સમજાવ્યા 'આવા કપરા સમયમાં સેવા કરતા કર્મચારીઓ, પોલીસ, હોસ્પિટલ સ્ટાફ સમય સર પહોંચી સેવા કરી રહ્યા છે, તો મારે પણ એમના વાહનો કટકે નહિ તે માટે સેવા કરવી છે.' બસ હવે સરગાસણ ચોકડી પરથી આવતા જતા કોઈ દ્વિચક્રી વાહન અટકે નહિ અથવા કોઈ કોરોના વોરિયર્સ નો ફોન આવે કે કમલેશભઈ તુરત જ રીપેરીગ માં પહોચી જાય છે. બે દિવસ પહેલાં જ સમી સાંજે અડાલજ રહેતા અને પેથાપુરમાં માં ફરજ બજવતા એક કર્મચારીનું વાહન રસ્તા વચ્ચે જ અટકી પડ્યું હતું જે રીપેરિગ કરી ચાલુ કરી આપ્યું હતું.

બીજા કોઈનો પણ ફોન આવે તો ના પાડે છે અને સમજાવે છે, ઘરમાં રહો અને લોક ડાઉન નું પાલન કરો. હાલમાં પોતે કોઈ પાસે મજૂરી ના પૈસા લેતા નથી, ફકત જરૂર જણાય તો ઓટો પાર્ટ પૂરતા જ વાજબી પૈસા લે છે. વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે સરકાર દ્વારા અપાયેલા નિર્ણય નો દરેકે અમલ કરવો જોઈએ, આપણી સેવામાં ખડેપગે રહેતા કોરોના વોરિયર્સ ને અને તેમની કામગીરી ને બિરદાવી જોઈએ.



'કોઈપણ વ્યક્તિ મદદ કરી શકે છે બસ મનમાં સેવા કરવાની ઈચ્છા હોવી જોઈએ,મારાથી બનતી સેવા હું કરીશ તેમ દરેક વ્યક્તિ આવું વિચારે એ જ સાચો માનવ ધર્મ કહી શકાય.'

# રક્તદાન - મહાદાન

ગાંધીનગર, તા. ૨૪

કોરોના વાઈરસ મહામારી ફેલાયેલ છે ત્યારે ગાંધીનગર સ્વજનગૃહમાં સેકાકીય પ્રવૃત્તિ કરતા અગ્રણી જીલુભા ધાંધલ અને નિલેન્દુ



વોરાની પ્રેરણાથી સીવીલમાં (ઓ પોઝીટીવ) લોહીની જરૂરિયાત સામે નિમેષભાઈ એમ. ચૌહાણે ગાંધીનગર સીવીલમાં રકત્તદાન કરી સેવા કાર્ય કર્યું હતું. તેમજ 'કોરોના વાઈરસ'ની વચ્ચે જલારામ સ્વજન ગૃહમાં સતત એક અઠવાડિયું સેવા કરેલ જે ખરેખર ઉમદા કાર્ય કર્યું હતું.



વધુમાં, સેકટર-૧૪માં માતૃવંદના મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ ઊષાબેન એમ. ચૌહાણે "કોરોના વાઈરસ" સામે રક્ષણ મેળવવા બહેનોને માસ્કનું વિતરણ કર્યું હતું. શ્રીમતિ હર્ષાબા ધાધલની પ્રેરણાથી આ કાર્યમાં શ્રીમતિ મીનાબેન ગઢવીએ શુભેચ્છા પાઠવી હતી.

# આશુતોષ અન્નક્ષેત્રનો અવિરત ચાલતો સેવાયજ્ઞ



ગાંધીનગર, તા. ૨૪

આશુતોષ અન્નક્ષેત્ર તળાજાના ઉપક્રમે લોકડાઉનના સળંગ ૩૦ માં દિવસે પણ રોજ ભૂખ્યાને ભોજન આપવાનો સેવાયજ્ઞ અવિરત શરુ છે. રોજ બે હજાર જેટલા લોકો આ સેવાનો લાભ લઈ રહ્યા છે. આજે આશુતોષ અન્નક્ષેત્રની મુલાકાતે તળાજાના લોકલાડીલા ધારાસભ્ય કનુભાઈ બારૈયા આવ્યા હતા. એમણે બધા લોકોને જમવાનું આપ્યું હતું અને સાથે માસ્કનું વિતરણ પણ કર્યું હતું. સાથે સાથે કનુભાઈએ સોશિયલ ડીસટન્સની સમાજ આપતા કહ્યું હતું કે 'હું તમારી સેવામાં સતત હાજર છું. મારા લાયક કોઈ પણ કામ કહી શકો છો, અત્યાર સુધી તળાજા તાલુકાએ કોરોના સામે લડત આપી છે એવી જ લડત આપતા રહીશું.'. સુપ્રસિદ્ધ શિવકથાકાર ભારદ્વાજ ગિરિબાપુએ પણ કોરોનાજાગૃતિ વિશે વાત કરી હતી અને જણાવ્યું હતું કે 'આ ભોજનસેવા જ્યાં સુધી લોકડાઉન હશે ત્યાં સુધી શરુ રહેશે. સૌને આ સેવાકીય પ્રવૃત્તિમાં સહકાર આપવા જમાવ્યું હતું.' આશુતોષ અન્નક્ષેત્ર સેવા માટે મોબાઈલ નં. ૯૯૭૯ ૩૪૩૪૩૪નો સંપર્ક કરી શકો છો.

# જન્મદિને વધામણી



લાભુભાઈ લલુભાઈ દેસાઈ
રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર
મો. ૯૯૦૪૧ ૬૯૭૨૧



ભૌમિક મહેન્દ્રભાઈ પટેલ
રાધે રાધે ગૃપ, ગાંધીનગર



તીર્થ શૈલેષભાઈ પટેલ



વર્ષાબેન ઠક્કર
પૂર્વ પ્રમુખ,લાયોનેસ કલબ



સ્નેહાબા શક્તિસિંહ ઝાલા
મો. ૯૭૩૭૭ ૬૧૯૦૪



દિલીપ જીવનલાલ પોપટ
મો. ૮૭૫૮૨ ૦૦૨૭૫



અમીતકુમાર પરમાર
સ્વજન ગ્રુપ અન્ન ક્ષેત્ર



નટવરસિંહ પરમાર
રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર

# લોકડાઉનમાં વડાપ્રધાને માંગેલ સાત વચનને સમજાવવા મધુર ડેરીએ પ્રસ્તુત કરી 'મધુર સપ્તપદી' વીડિયો સંદેશ શ્રેણી

(ગઈકાલથી આગળ... )

**એપીસોડ-૪**

**રોગપ્રતિકારક શક્તિ વધારવા આયુષ વિભાગની સુચનાઓનો અમલ કરીએ.**

કોરોના સામે રોગપ્રતિકારા શક્તિ વધારવા આયુર્વેદિક ઉકાળો ખુબ જ અસરકારક છે. મધુર ચેરમેનશ્રી દ્વાર આ મુદાની વિસ્તુત ચર્ચા કરવા માટે તેઓશ્રી ગાંધીનગરની ક્રિષ્ના હોસ્પિટલના ડૉ. મહેશ ઝાલા અને મધુર ડેરીના વેટર્નરી ડોક્ટર ડી.એસ.પટેલ સાથે વાર્તાલાપ કર્યો હતો. ચેરમેનશ્રીએ જણાવ્યુ હતુ કે વિશ્વની મહાસત્તાઓ આજે કોરોના સામે લાચાર છે ત્યારે ભારત એક એવો દેશ છે જ્યાં આવી વિનાશક બીમારી સામે લડવા આપણા ત્રણેય ઉપચાર એકમો એલોપેથી, હોમિયોપેથીક અને આયુર્વેદિક સક્રિય છે. આપને ખ્યાલ હશે હમણાં જ અમેરિકાએ આપણી પાસેથે હાઈડ્રોકસી ક્લોરોકવિન દવા માંગી અને મોદી સાહેબે ગૌરવભેર એ દવા મોકલાવી છે. આપણું સૌથે મજબૂત પાસું એટલે આપણા પ્રાચીન કાળથી ચાલી આવતી આયુર્વેદ ઉપચાર પદ્ધતિ. મોદી સાહેબે તો આનો આખો અલગ વિભાગ ઉભો કર્યો છે. આયુષ વિભાગ. કોરોના સામે લડવાનું જો એકમાત્ર હાથિયાર હોય તો એ છે આપણી રોગ પ્રતિકારક શક્તિ.

આ બાબતે ક્રિશ્રા હોસ્પિટલના ડૉ. ઝાલાએ નિયામકશ્રી, આયુષની કચેરી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર - કોરોના વાયરસ સંક્રમણ સામે રક્ષણાત્મક ઉપાયોની સમજણ આપી હતી. તેમણે લોકોને ગભારાવાને બદલે સાવચેત રહી ઘરમા સુરક્ષિત રહેવા જણાવ્યુ હતુ. તેમણે હળદર - મીઠાવાળા નવસેકા પાણીના કોગળા કરવા અને ઉકળતા પાણીમાં અજમો નાખી નાસ લેવાના મહત્વને સમજાવ્યુ હતુ. મધુર ડેરીના ડૉ. ડી.એસ.પટેલ સાહેબે મધુર ડેરી દ્વારા ઉકાળાનું વિતરણ અને ગામ કક્ષાએ કોરોનાની જાગ્રુતિ માટે કરેલ વિવિધ પ્રવ્રુત્તિઓની માહિતિ આપી હતી. મધુર સપ્તપદીનો આ એપિસોડ ઘણા દર્શકોને પસંદ આવ્યો હતો.

**એપીસોડ-૫**

**આરોગ્યસેતુ મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરીએ**




મોદી સાહેબે આપેલ સાત ભલામણો પૈકી એક અગત્યની બાબત હતી આરોગ્ય સેતુ એપ નો ઉપયોગ. લોકડાઉનના ૪૦ દિવસમાંથી ૨૬મો દિવસ એટલે રવિવાર તા. ૧૯મી મે. આ દિવસે મધુર ડેરીના ચેરમેનશ્રીએ મધુર ડેરીના એમડી અને આઈ.ટી. ટીમની મદદથી આરોગ્ય સેતુ મોબાઈલ એપના ઉપયોગા અને લાભા વિષે નાગરિકોને સમજ આપવા પાંચમામો એપીસોડ પ્રસારિત કર્યો હતો. એમણે જનાવ્યુ હતુ કે આપણે બધા મોબાઈલ ફોનથી ટેવાયેલા છીએ એટલે કોઈ પણ નવી એપ્લિકેશન હોય તો તરતજ આપણે ડાઉનલોડ કરી લેતા હોઈએ છીએ. કોરોના સામે લડવા કેંદ્ર સરકાર દ્વારા એક ખાસ મોબાઈલ એપ્લિકેશન આરોગ્ય સેતુ લોંચ કરવામા આવ્યો છે જેના સદુપયોગ કરવા મોદી સાહેબે ભલામણ કરી હતી. આ વિષયને વધુ ટેક્નિકલ રીતે સમજાવવા અને આપને માર્ગદર્શન આપવા મધુર ડેરીના એમડી શ્રી મનોહરસિંઘ ચૌહાણે જણાવ્યુ હતુ કે મોદી સાહેબે નાગરોકો પાસે માંગેલા .સાત વચનો પૈકી કોરોના સંક્રમણનો ચેપ રોકવામાં મદદ કરવા માટે આરોગ્ય સેતુ મોબાઈલ એપ ડાઉનલ કરી અપડેટ રહેવા જણાવ્યુ છે. આ એપ ગૂગલ પ્લે સ્ટોર અને એપ સ્ટોરથી ફ્રી ડાઉનલોડ કરી શકાય છે. આ એપ ૧૧ ભારતીય ભાષામાં ઉપલબ્ધ છે. આ એપ ઈન્સ્ટોલ કર્યા બાદ તેને સેટ કરવી એકદમ સરળ છે. લોકેશનને ઓલવેઝ ઓન અને બ્લૂટૂથને પણ ઓપન રાખે છે.

રજિસ્ટ્રેશન પ્રોસેસ માટે તમારા ફોનમાં એક ઓટીપી મોકલવામાં આવે છે. જે નાંખ્યા બાદ પર્સનલ ડિટેલ ભરવાની હોય છે. નામ, ઉંમર, ટ્રાવેલ ડીટેલ્સ ઉપરાંત હેલ્થ સાથે સંકળાયેલા કેટલાક સવાલો પૂછવામાં આવે છે. જેનો જવાબ આપ્યા બાદ ૨૦ સેકંડમાં સેલ્ફ અસેસમેન્ટ ટેસ્ટ લઈ શકાય છે. આ એપમાં સેલ્ફ ટેસ્ટના ઓપશન દ્વારા હેલ્થ ઈન્ફોર્મેશન માંગવામાં આવશે. જે માહિતીભર્યા બાદ એપ તમને કોરોનાના લક્ષણ છે કે નહી તે બતાવશે. જો કોરોના લક્ષણ હોય તો એપ સરકારની પાસે તમારો ડેટા મોકલે છે. જે બાજ હેલ્થ મિનિસ્ટ્રી તફથી આઈસોલેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. આરોગ્ય સેતુ એપ યૂઝર્સ જો કોઈ કોરોના સંક્રમિત લોકો પાસેથી પસાર થાય કે કોરોના લક્ષણ ધરાવતો વ્યક્તિ તમારી આસપાસ હોય તો તેની જાણકારી પણ નોટિફિકેશન દ્વારા મોકલશે. તેમણે આશા વ્યક્તા કરી હતી કે લોકો જરૂરથી આ એપ ડાઉનલોડ કરીને મોદી સાહેબ, ગુજરાત સરકાર તથા અમારા ચેરમેનશ્રીના અનુરોધને માન આપશે.

**એપીસોડ-૬**

**ગરીબ પરિવારની કાળજી લઇએ**

મોદી સાહેબની મધુર સપ્તપદીના છઠ્ઠા ચરણમા મધુર ડેરેના ચેરમેનશ્રીએ ગરીબા પરિવારની કાલજી લેવાની મોદી સાહેબની વાતને વિડીયો મેસેજમા સમજાવી હતી. તેમણે જનાવ્યુ હતુ કે કાતિલ કોરોનાથી ગરીબો અને મજૂરોની સાથે સાથે રોજ કમાઈને રોજ ખાનારા નાની આવકવાળા લોકોની સ્થિતિ ખરાબ થતી દેખાઈ રહી છે. ભારતના ભૂતપૂર્વ મુખ્ય આંકડાશાસ્ત્રી પ્રનોબ સેને હાલમાં જ જણાવ્યું હતું કે લગભગ ૫ કરોડ ભારતીય કામદારોએ રોજગારી ગુમાવી દીધી છે. જાણકારો કહે છે કે આ મહામારીને કારણે ગરીબીનું પ્રમાણ વધશે, કેમ કે ભારતીય મજૂરો હજીય રોજમદાર તરીકે જીવે છે અને ટકી જવા માટે તેમણે સરકારી સહાય પર જ આધાર રાખવો પડે છે. કોરોના સંકટના કારણે સ્થિતિ વિકટ બની છે, કેમ કે માગ અને પુરવઠો બંને ઘટી ગયા છે. આવી સ્થિતિમાં ભારત સરકાર અને રાજ્યની સરકારોએ ગરીબ પરિવારોને મદદ કરવા સારી પહેલ કરી છે. આપણને ખબર છે કે રેશનની દુકાન પરથી બીપીલ એપીએલ કાર્ડ ધારકોને મફત અનાજ આપ્યું છે. તાજેતરમાં ઝ્રસ અને ડે.ઝ્રસ દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. કોરોના સામે લડવા ૬૬ લાખ કાર્ડ ધારકોના ખાતામાં જમા થશે રૂ.૧૦૦૦. એપ્રિલ માસ માટે રૂ.૧૦૦૦ની વધારાની સહાય આપવામાં આવી છે. કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને પીએમ મોદીએ ભારતમાં લોકડાઉન જાહેર કર્યું અને સાથે સાથે જ ગરીબોને રાહત થાય એ માટે ઘણી યોજનાઓ બહાર પાડી. એમાંથી એક પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના દ્વારા લાભાર્થીઓને મફતમાં ગેસ સિલિન્ડર આપવાની વાત પણ છે. તો બીજી બાજી ધાર્મિક સંસ્થાઓ, ખાનગી કમ્પની, બોલીવુડના કલાકારો તમામે પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રી રાહત ફંડમાં નાણાકીય સહયોગ આપ્યો છે. મિત્રો આજે મારી સાથે મારા બોર્ડ મેમ્બર પણ હાજર છે ત્યારે મને જણાવતા આંનદ થાય છે કે નાના પરિવારોને મદદ કરવા મધુર ડેરીએ પણ મુખ્યમંત્રી રાહત ફંડમાં ૨૧ લાખ અને પ્રધાનમંત્રી કેર્સ ફન્ડમાં ૯.૯૯.૯૯૯ નું એમ કુલ ૩૧ લાખનું યોગદાન આપ્યું છે. આપ પણ આ રાહત નિધિમાં સહયોગ આપી શકો છો. મિત્રો આજે સમાચારમાં વાંચ્યું કે સુરતમાં કેદીઓએ રૂ. ૧.૧૧ લાખ રાહત ફંડમાં આપ્યા છે. પાતનાકુવાના પુર્વસરપંચ અને અમરેલીમાં




ખેડૂતોએ પ્રધાનમંત્રી સાહાયની ૨૦૦૦ની રકમ ભેગી કરી રાહત ફન્ડમા આપી દીધી છે. ચેરમેનશ્રીએ ઉમેર્યુ કે આપણા ઘેર કોઈ કામવાળા કે સફાઈ કર્મચારી એકાદ મહિનો ન આવી શકે તો પણ એમને એ મહિનાની રકમ જરૂર આપશો. આજુ બાજુ કચરો લેવા આવતા કે વસવાટ કરતા ગરીબ પરિવારને મદદ કરજો....આ એક મંદિરમાં આપેલ દાન જેટલું પુણ્ય મળશે.

**એપીસોડ-૭**

**વ્યવસાય, ઉદ્યોગમાં લોકો માટે સંવેદના રાખીએ અને કોઇને પણ નોકરીમાંથી છુટા ના કરાય**

મધુરના ચેરમેનશ્રીએ ગાંધીનગર શહેર હવે કોરોનામુક્ત બન્યુ એવા તા. ૨૧ ના સારા સમાચાર સાથે સપ્તપદીનો છેલ્લો એપિસોડ ગાંધીનગર જીઆઈડીસી ની ગેઝીયા ઑફિસે પ્રસારિત કર્યો હતો. તેમણે જિલ્લા આરોગ્ય વિભાગ, ખાસ કરીને મેયર રીટાબેન, વહીવટી તંત્રને અભિનંદન પાઠવ્યા હતા. ગાંધીનગર જિલ્લાના બોર્ડર વિસ્તારના ગામમાં હજી બે ત્રણ કેસ છે એ પણ સાજા થઈ જશે એવી માતાજીને પ્રાર્થના કરી હતી. જી.આઈડીસીના ઘણા એકમોને ચાલુ કરવાની મંજુરી પણ મળેલ છે અને ધીરે ધીરે ગાંધીનગર, ગુજરાત, આપણો દેશ અને સમગ્ર વિશ્વ ફરી ધમધમતુ થશે એમા શંકાને કોઈ સ્થાન નથી. મોદી સાહેબે આપેલ સાત મુદ્દાના છેલ્લા પણ ખુબ જ અગત્યના મુદ્દા વ્યવસાય અને ઉધ્યોગોમાં મજુરો અને કર્મચારીઓ પ્રત્યે સંવેદના રાખવાના મુદ્દાને વધુ સ્પસ્ટ અને સચોટ રીતે સમજાવવા ગેઝીયાના પ્રેસીડેન્ટ અને કોસમોસના એમ. ડી. ડૉ, સમીર ત્રેવેદી, વાઈસ પ્રેસીડેંટ શ્રી ચાણક્ય પટેલ અને નેસ્કો લીમિટેડના સી.એસ.આર અને ઈંક્યુબેશન સેંટરના વડા શ્રી નિતિનભાઈ મેકવાન સાથે વાર્તાલાપ કર્યો હતો. શ્રી નિતિનભાઈએ ડો. જયંતિ રવિ મેડમની અગત્યની વાતને સમજાવતા શાકભાજી ખરીદવા સાવચેત રહેવાની વાત સમજાવી હતી. શાકભાજીના વેપાર અને લારીઓમા ઘણા ફેરીયાઓ ખુબ કાળજી રાખતા હોય છે છતા બહેનો ટોળે વળી રોજેરોજ તાજી શાકભાજી લેવા પડાપડી કરે છે. આપણે તો બધી શાકભાજી અડી અડીને ન લેવાનુ હોય તેને પણ હાથ લગાવીને જોવાની ટેવ આ બધાથી ચેપનો ખતરો વધે છે. આ સમયે મધુર ડેરી શાકભાજી પણ આપને ગ્રેડીંગ અને સ્વચ્છ કરીને માન્ય પ્લાસ્ટીક બેગમાં પેક કરીને પાર્લર ઉપર આપે છે. જ્યા શાકભાજીને હાથ લગાવી જોવાનો કોઈ પ્રશ્ન નથી તો આપ તે શાકભાજી ખરીદવાનો આગ્રહ રાખવાની વાત કરી હતી. તેમણે જણાવ્યુ કે ઉધ્યોગો અને વ્યવસાય સાથે જોડાયેલા સૌ કોઈએ પોતાના કર્મચારીઓ પ્રત્યે સંવેદના બતાવવાનો આજ પવિત્ર અવસર છે. તેમણે ટાટા સ્ટીલ, નેસ્કો અને દાલમિયા જેવી કંપનીઓએ એડવાન્સ અને તારીખ પહેલા પગાર કરીને કર્મચારીઓનો હોંસલો વધારવાના ઉદાહરણ આપ્યા હતા. ગેઝીયા પ્રેસિડેન્ટ દૉ. ત્રિવેદીએ જણાવ્યુ હતુ કે ગુજરાત સરકારે ખુબ જ મોટી એડ્વાઈઝરી બહાર પાડી હતી. કેંદ્ર સરકારે એપીએફ અને અન્ય લાભો દ્વારા નાના ઉધ્યોગો અને વ્યવસાયોને ઘણી રાહત આપી છે. અઘરું છે પણ છતાં નાના કામદારોને મજૂરને પગાર આપવામાં આવ્યા જ છે. ગેઝીયાના વાઈસ પ્રેસીડેંટ શ્રી ચાણક્ય પટેલે ગેઝીયાના ચારસો ત્રીસ એકમોએ નિયમિત પગાર લરેલ છે એ આનંદની વાત છે. ઉપરાંત અમારા પ્રમુખે કલેક્ટર સાહેબ સાથેના સંકલનથી રોજની ૫૦ થી સો કીટ આપવાની ઝુંબેશ હાથ ધરી.હતી.